# તલિયો હોલો (Spoted Dove)

પંખી લોક

★ પ્રવીણ સરવૈયા

ધરતી આપણી માતા છે. એના પર રહેનારા તમામ જીવો ધરતીનાં સંતાનો છે. એનાં તમામ સંતાનોને જીવવાનો સમાન અધિકાર છે. તમામ જીવોનું સંવર્ધન-નિયમન કુદરતી રીતે જ થતું રહે છે પણ આપણે તેમાં કેટલીક અડચણો ઊભી કરીને પ્રકૃતિના ક્રમમાં વિક્ષેપો ઊભા કર્યા છે. તેનાથી કુદરતમાં જીવોનું સંતુલન ખોરવાઈ જવાનો ભય ઊભો થાય છે.

માણસે પોતાની સુખાકારી સારુ વૃક્ષો કાપ્યાં, જંગલો વાઢીને નગરો ઊભાં કર્યાં. વિકાસના નામે પ્રકૃતિનો ભોગ લીધો. આવું સતત ચાલ્યા જ કરશે તો ભયંકર ગરબડ પેદા થશે અને તેનાં પરિણામો આપણે સહુએ ભોગવવાં પડશે.

આજે નિયમિત જોવા મળતાં આપણાં ઘરઆંગણાનાં પંખીઓની સંખ્યામાં પણ ઘટાડો થતો જાય છે. ચકલી, કાબર, પોપટ, કબૂતર, હોલો, મોર, કાગડો વગેરેમાંથી કેટલાં પંખીઓ રોજ







**પ્રેમાનંદ જેવા આખ્યાનકારે એના આખ્યાનમાં હોલાને યાદ કર્યો છે. ઘણું બીકણ ગણાતું આ પંખી આપણા લોકજીવનમાં ભગત તરીકે ઓળખાય છે. પંખીઓની ઓળખ, તેમની ખાસિયત અને જીવનશૈલી આપણને ઘણું ઘણું શીખવી જાય છે**

આપણાં ઘરે આવે છે? અરે, મોર જેવાં પંખીઓ તો ચોક્કસ સ્થળો સિવાય અદૃશ્ય બની રહ્યાં છે !

ભારતભરમાં વ્યાપક હોલો પણ આજે નિયમિત દેખાતો નથી. હોલાની આપણે ત્યાં ઘણી જાતો જોવા મળે છે. તેમાં Eurasian Collared Dove ધોળો હોલો અથવા કાંઠલાવાળો હોલો, Red Collared Dove રાતો હોલો અથવા લોટણ હોલો અને Laughing Dove નાનો બદામી હોલો ગુજરાતમાં સાર્વત્રિક વ્યાપક રીતે દેખાય છે.

ઉપરાંત, Spoted Dove તલિયો હોલો કચ્છ સિવાય સમગ્ર ગુજરાતમાં, Oriental Turtle Dove શિયાળુ હોલો ગુજરાતના પૂર્વ ભાગ અને ગીરમાં શિયાળુ મુલાકાતી તરીકે દેખાય છે. તો, Namaqua Dove નમાકવા હોલો નળ સરોવર તેમ જ સૌરાષ્ટ્રના પાણીવાળા છૂટાછવાયા ભાગોમાં તથા Asian Emerald Dove નીલમ હોલો ડાંગના જંગલમાં જોવા મળે છે.

હોલાની આ સૌ જાતમાં આપણે Spoted Dove તલિયા હોલાનો પરિચય મેળવીએ. તલિયો હોલો કાબર અને કબૂતરની વચ્ચેના કદનો છે. તેની પાતળી કાયા પર નજરે ચડે એવાં સફેદ ટપકાં છે. ઉપરના ભાગે ગુલાબી, ભૂરો અને રાખોડી રંગ છે. ડોકની પાછળ કાળાં-ધોળાં ઝીણાં ખાનાં છે.



જ્યાં છૂટાંછવાયાં વૃક્ષોવાળો વગડો હોય, પાણી હોય અને ખેતી થતી હોય એવા પ્રદેશમાં હોલાની આ જાત જોડીમાં કે નાના ટોળામાં જોવા મળશે. તે વઢાઈ ગયેલા ખેતરમાં ખોરાક શોધતાં પણ જોવા મળી જાય. તલિયા હોલાને વગડો વધુ ગમે છે. તે આખો દિવસ એકાંતમાં બેસી ગાયા કરે છે. પ્રજનન ઋતુમાં નર ઘણી વાર આખી આખી રાત ગાયા કરે છે. તેથી તેની હાજરીનો આપણને ખ્યાલ આવી જાય છે. વારંવાર સંભળાતો તેનો અવાજ આપણને ગમે તેવો પણ કંઈક રીતે ગમગીની ભરેલો હોય એવો લાગે છે. હોલાની અન્ય જાતોને તેના અવાજ પરથી જ પક્ષી નિરીક્ષકો ઓળખી કાઢે છે.

તલિયા હોલાનો માળો તેના કુળની પ્રણાલિકા પ્રમાણે સાવ ઠેકાણા વગરનો અને આછો-પાતળો હોય છે. તે ઝાડી, ખડકની ખાંચ કે ક્યારેક મકાનની દીવાલમાં છાપરા નીચે માળો કરે છે. માળાની મુખ્ય ઋતુ ચૈત્ર-વૈશાખ છે પણ વરસમાં તેઓ બે વાર બચ્ચાં ઉછેરે છે. ઘાસ, તણખલાંને ઝીણી ડાંખળીઓ તથા સાંઠીકડાંનો બનેલો માળો સાવ કઢંગો હોય છે અને નીચેથી ઈંડાં જોઈ શકાય છે! માદા સફેદ રંગનાં બે ઈંડાં મૂકે છે. માળો કઢંગો હોવા છતાં ઘણો મજબૂત હોય છે. એ તેની વિશેષતા છે.

આપણા સામાન્ય હોલા કરતાં તલિયો હોલો કદમાં થોડો મોટો છે. હોલો પારેવાનો ભાઈ છે. તેનું જીવન અને તેની રહેણીકરણી પારેવા જેવાં છે.

આ પક્ષી નર-માદા સાથે જ રહે છે. તેના ખોરાકમાં ઘાસ અને છોડનાં બિયાં હોય છે. એ માત્ર ચણ અને વનસ્પતિના આહાર પર જ જીવે છે. હોલો અન્ય પક્ષીની જેમ આપણાં ગીતોમાં ગૂંથાયેલું પંખી છે. પ્રેમાનંદ જેવા આખ્યાનકારે એના આખ્યાનમાં હોલાને યાદ કર્યો છે. ઘણું બીકણ ગણાતું આ પંખી આપણા લોકજીવનમાં ભગત તરીકે ઓળખાય છે.

પંખીઓની ઓળખ, તેમની ખાસિયત અને જીવનશૈલી આપણને ઘણું ઘણું શીખવી જાય છે. પંખીઓ આપણી નૈસર્ગિક સંપત્તિ છે, આપણી શોભા છે. એમનું જતન કરવું એ આપણી ફરજ છે.

# પાકિસ્તાનમાં ભારતના 500 રૂપિયાની કિંમત કેટલી?

ભારત અને પાકિસ્તાન વચ્ચે ભલે અનેક બાબતોમાં સ્પર્ધા રહેતી હોય, પરંતુ જ્યારે વાત બંને દેશોની અર્થવ્યવસ્થા અને કરન્સીની આવે છે, ત્યારે જમીન-આસમાનનો તફાવત જોવા મળે છે. હાલમાં પાકિસ્તાન ગંભીર આર્થિક સંકટ અને મોંઘવારીનો સામનો કરી રહ્યું છે, જેના કારણે ત્યાંના રૂપિયાની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં, જો કોઈ ભારતીય 500 રૂપિયાની નોટ લઈને પાકિસ્તાન જાય, તો તેનું મૂલ્ય ત્યાં અનેકગણું વધી જાય છે. દરેક વ્યક્તિ એ જાણવા માટે ઉત્સુક હોય છે કે, પડોશી દેશ પાકિસ્તાનની સરખામણીમાં ભારતીય રૂપિયાનું મૂલ્ય કેટલું છે. ઉદાહરણ તરીકે, જો તમે ભારતથી 500 રૂપિયા લઈને પાકિસ્તાન જાઓ છો, તો શું તમે જાણો છો કે, ત્યાં તમને કેટલા રૂપિયા મળશે? જો તમને આ ગણતરી ખબર પડશે, તો તમે ચોક્કસપણે આશ્ચર્યચકિત થઈ જશો.

સામાન્ય રીતે ભારતીય ચલણને 'રૂપિયો' કહેવામાં આવે છે. તેવી જ રીતે, પાકિસ્તાની ચલણનું નામ પણ 'રૂપિયો' જ છે. પાકિસ્તાનનું સત્તાવાર ચલણ 'પાકિસ્તાની રૂપિયો' છે, જેનો કરન્સી કોડ PKR છે. જોકે બંને દેશોના ચલણના નામ મળતા આવે છે, પરંતુ બજારમાં તેમની મજબૂતી અને મૂલ્યમાં ઘણો મોટો તફાવત છે. વિશ્વમાં ભારતીય રૂપિયાનો પ્રભાવ પાકિસ્તાની રૂપિયા કરતા ક્યાંય વધુ છે.



ચાલો હવે હિસાબ કરીએ, માની લો કે તમારી પાસે 500 રૂપિયાની ભારતીય નોટ છે. જો તમે પાકિસ્તાન જઈને તેને બદલાવો છો, તો તમને અંદાજે 1,497થી 1,510 પાકિસ્તાની રૂપિયા મળશે. પાકિસ્તાનની અર્થવ્યવસ્થા અત્યારે અત્યંત મોંઘવારી અને રૂપિયાના અવમૂલ્યનને કારણે ખરાબ રીતે કથળી ગઈ છે. આ જ કારણ છે કે, આપણી 500 રૂપિયાની નોટની કિંમત ત્યાં ત્રણ ગણી વધારે છે.

જોકે, આપણે એ વાતથી ખુશ ન થઈ શકીએ કે, આપણા 500 રૂપિયા ત્યાં 1500 રૂપિયા બરાબર થઈ રહ્યા છે. કારણ કે પેટ્રોલ, આવશ્યક અનાજ અને ઈલેક્ટ્રોનિક સામાનની કિંમતો પાકિસ્તાનમાં ભારતની તુલનામાં ઘણી ગણી વધારે છે. તેનું મુખ્ય કારણ ત્યાંની બેફામ વધતી જતી મોંઘવારી છે. એટલે કે ભલે તેમની પાસે વધુ નોટો હોય, પરંતુ બજારમાં તે નોટોનું કોઈ મૂલ્ય નથી. પાકિસ્તાનની આ દયનીય સ્થિતિથી વિપરીત ભારતીય અર્થવ્યવસ્થા ખૂબ જ સ્થિર છે. કેન્દ્ર સરકારની મજબૂત વિદેશ નીતિ અને ઝડપથી વધી રહેલા વિકાસ દરને કારણે ભારતીય રૂપિયો દિન-પ્રતિદિન વિશ્વ મંચ પર પોતાની પકડ મજબૂત કરી રહ્યો છે. આપણા દેશની આર્થિક સુરક્ષા રૂપિયાના મજબૂત થવા પાછળનું મુખ્ય કારણ છે.